૧૯-૨૧

ઓક્ટ્રોય નાબુદી અન્વય ગ્રામ પંચાયતોને વળતર / સહાય ચૂકવવા બાબત
નવી બાબત સને ૨૦૦૧-૨૦૦૨

ગુજરાત સરકાર,
પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવક્રમાંક: નપક-૩૫૯૮/૫૦૭૪/પાર્ટ-૨-ક
સચિવાલય,ગાંધીનગર
તારીખ:૧૬.૩.૨૦૦૨

15 MAR 2002

**વંચાણે લીધા ક્રમાંક:**

(૧) પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના વટહુકમ ક્રમાંક:૪/૨૦૦૧ તા: ૩૦.૪.૨૦૦૧

(૨) પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ગુજરાત કાયદા નં: ૧૨/૨૦૦૧ તા: ૬.૮.૨૦૦૧.

(૩) પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવક્રમાંક: નપક:૩૫૯૮ /૫૦૭૪-પાર્ટ-૨ / ગ તા: ૨૪.૫.૨૦૦૧

(૪) પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના પત્રક્રમાંક: નપક:૩૫૯૮/૫૦૭૪——— (પાર્ટ-૨) ચ તા: ૨૯.૫.૨૦૦૧

**ઠ રા વ**

(૧) ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના વટહુકમથી રાજ્યની ગ્રામ પંચાયતો દ્વારા ઉઘરાવાતી થતી ઓક્ટ્રોય તા: ૧.૫.૨૦૦૧ થી નાબૂદ કરવામાં આવી છે. અને વંચાણે લીધેલ ક્રમાંક:(૨) થી ગુજરાત પંચાયત અધિનિયમમાંથી કાયદાકીય જોગવાઇઓ રદ કરવામાં આવેલ છે.

(૨) ઓક્ટ્રોય નાબૂદીના પરીણામે અગાઉ ઓક્ટ્રોય ઉઘરાવતી ગ્રામ પંચાયતોને થનાર નુકશાન સામે વળતર ચુકવવા તથા અગાઉ ઓક્ટ્રોય નહીં ઉઘરાવતી ગ્રામ પંચાયતોને પણ આવરી લેવા સને ૨૦૦૧-૨૦૦૨ ના નાણાંકીય વર્ષના મે,જુન, જુલાઇ તથા ઓગષ્ટ એમ ચાર માસ માટે કુલ રા. ૧૩,૬૭,૦૦,૦૦૦ (અંકે રુપિયા તેર કરોડ સડસઠ લાખ પુરા) રકમની પેશગી રાજ્યના આકસ્મિક નિધિમાંથી આ વિભાગના વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક:(૩) થી ફાળવી વિકાસ કમિશ્નરશ્રી ગુજરાત રાજ્યના હવાલે મૂકવામાં આવેલ હતી અને આ અંગે આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક:(૪) ના પત્રથી સદર ગ્રાંટ ચુકવવા માર્ગદર્શક સુચનાઓ આપવામાં આવેલ છે. આ પેશગી સરભર કરવા માટે પૂરક માંગણી અને નવી બાબતની દરખાસ્ત વિકાસ કમિશ્નરશ્રી તરફથી રજૂ થવા આ વિભાગના સને ૨૦૦૧-૨૦૦૨ ના વર્ષના અંદાજપત્રમાં નવી બાબત રજૂ કરી રૂ.૪૧.૦૦ કરોડની વાર્ષિક રકમ જે પૈકી રા. ૩૭.૫૮ કરોડની ૧૧ માસ માટેની રકમની ગ્રાંટ (આયોજન બહાર)ની સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ હતી. જે મુજબ ચાલુ વર્ષના અંદાજપત્રમાં રા. ૩૭.૫૮ કરોડની રકમની જોગવાઇ કરવામાં આવી છે તે અંગે આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૩) ઉપરોક્ત નિર્ણય મુજબ ઓક્ટ્રોયવેરો બંધ થતાં ગ્રામ પંચાયતોને થનાર આર્થિક નુકશાન અંગે ફકરા ક્રમાંક (૨) અને (૪) માં જણાવ્યાનુસાર અને આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૪) ના પત્રથી અપાયેલ

માર્ગદર્શક સુચનાઓ અનુસારના ધોરણો મુજબ સને ૨૦૦૧-૨૦૦૨ ના વર્ષમાં ગ્રામ પંચાયતોને સંબંધિત જીલ્લા વિકાસ અધિકારી મારફત ગ્રાંટ ચુકવવા વિકાસ કમિશ્નરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

(૪) આ રકમ ગ્રામ પંચાયતના ફંડનો એક ભાગ બને છે. આથી આ રકમનો ઉપયોગ ગુજરાત પંચાયત અધિનિયમની- કલમ-૯૯ અન્વયે ગ્રામ પંચાયતોએ કરવાના થતા કાર્યો નિયત કરવામાં આવેલ છે. જેથી આ રકમ સ્થાનિક પરિસ્થિતિને અનુલક્ષી ગામની જરૂરીયાત પ્રમાણે વિકાસના કામો માટે આ રકમનો ઉપયોગ ગ્રામ પંચાયતો કરી શકશે.

(૫) આ ગ્રાન્ટની ચુકવણી સરકાર દ્વારા વખતોવખતગ્રાન્ટ ચુકવવામાં નક્કી કરવામાં આવનાર માર્ગદર્શક સિધ્ધાંતોને આધીન રહેશે.

(૬) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૭૨ મુખ્યસદર-૩૬૦૪-સ્થાનિક સંસ્થાને વળતર અને પંચાયતી રાજ સંસ્થાઓને વળતર તથા સોંપણી ગૌણસદર-૨૦૦ અન્ય પરચૂરણ વળતર અને સોંપણી-પેટાસદર((૬) જકાત નાબૂદ કરવાને લીધે પંચાયતોને વળતર અને એકસ પ્રેસીયા ચૂકવણી (આયોજન બહાર) હેઠળ ઉધારવાનું રહેશે અને તે સદરે મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

(૭) આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકવાળી ફાઇલ પર નાણાં સલાહકારશ્રીની તાઃ ૧૬.૧.૦૨ ની અને નાણાં વિભાગની તાઃ ૩૧.૧.૦૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.એચ.મકવાણા)
નાયબ સચિવ
પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ

- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય,ગાંધીનગર
- મુખ્ય હિસાબી અધિકારીશ્રી,વિકાસ કમિશ્નરશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- તમામ જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- એકાઉન્ટ જનરલ,ગુજરાત રાજકોટ / અમદાવાદ
- નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી (પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ) સચિવાલય,ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી(બજેટ શાખા) પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- સિલેકટ ફાઇલ / ક-શાખા
- સિલેકટ ફાઇલ / નાયબ સેકશન અધિકારી